**– આક ૧ લગત હુકમ –**

૧. સદર કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯,૧૧૪ અન્વયેના ગુનાનુ ચાર્જશીટ તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ.

૨. સદર ફોજદારી કેસના કામે આરોપીઓ સામે પ્રોસેસ કાઢવામાં આવેલ, પરંતુ આરોપીઓને પોલીસ મશીનરી રજુ કરી શકેલ નથી.

૩. સદર કામે ફરીયાદી હાજર દ્વારા સદર કામે સદર કેસ આગળ ચલાવવો નથી તેવી રજૂઆત કરી માંડવાળ કરવા પરવાનગી માંગેલ છે, તે અન્વયે એ.પી.પી.શ્રી દ્વારા પણ રજુઆત કરવામાં આવેલ છે કે, સદર કામે આરોપી લાંબા સમયથી મળી આવતો નથી તે કારણે ફરીયાદીને માંડવાળ કરવા પરવાનગી આપવી જોઈએ જે અન્વયે સદર કામે ફરીયાદી ને માંડવાળ કરવા પરવાનગી જે માંગેલ તે મંજુર કરવામાં આવેલ. જે અન્વયે ફરીયાદી (મિલકતનો માલિક) દ્વારા સદર કામે સમાધાન થયેલાનુ જાહેર કરેલ છે.

૪. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૦ ધ્યાને લેતા સમાધાન માટે આરોપીની હાજરી ફરજીયાત રાખવામાં આવેલ નથી, તેમજ ભોગ બનનાર દ્વારા જ્યારે પોતે સમાધાન થયેલાનુ સ્વિકારીને માંડવાળ કરવા માટે અને સમાધાન થયેલાનુ સ્વિકાર કરતા હોય, અને તે મુજબની પુરસીસ ફરીયાદી (મિલકતના માલિક) તેમજ એ.પી.પી દ્વારા રજુ કરતા હોય તે અન્વયે સમાધાન મંજુર કરી નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

૧. ફરીયાદીનુ સમાધાન મંજુર કરી, આ કામના આરોપી નં.૧.દર્શન ઉર્ફે ટીટુ S/O અશ્વિનભાઈ અમરતભાઈ સોની તથા આરોપી નં.૨.દશરથ ઉર્ફે દશો S/O રમેશભાઈ ડાહ્યાજી ઠાકોર ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૦(૨)(૮) અન્વયે ઈ.પી.કો.કલમઃ૩૭૯,૧૧૪ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બાબતે જો કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે અન્યથા તેની માલિકી બાબતેની ખાત્રી થયેથી તેઓને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ યોજાયેલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

અમદાવાદ.

તા.૧૩/૦૫/૨૦૨૩.

(રીન્કુ રાજેશ દેસાઈ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ
કોર્ટ નંબર–૦૯.
Unique Code No. GJO1089.